છેલ્લા દિવસોમાં આત્મવિશ્વાસ સૌથી મહત્ત્વનો

બોર્ડના અંતિમ દિવસોમાં તણાવ નહીં, સમજદારીપૂર્વક તૈયારી કરો



ગયા વર્ષના ધોરણ 10 અને 12ના ટોપર્સે આપેલી ઉપયોગી ટિપ્સથી વિદ્યાર્થીઓને મળશે આત્મવિશ્વાસ

સુરતઃ આગામી 26 ફેબ્રુઆરીથી ધોરણ 10 અને ધોરણ 12ની બોર્ડ પરીક્ષાઓ શરૂ થઈ રહી છે. પરીક્ષાને હવે માત્ર 15 દિવસનો સમય બાકી હોવાથી વિદ્યાર્થીઓની સાથે સાથે વાલીઓમાં પણ ચિંતા અને તણાવ જોવા મળે છે. આવી સ્થિતિમાં અંતિમ દિવસોમાં કેવી રીતે તૈયારી કરવી, મનને શાંત કેવી રીતે રાખવું અને પરીક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન કેવી રીતે કરી શકાય તે અંગે ગયા વર્ષના ટોપર્સે પોતાની અનુભૂતિ અને ઉપયોગી ટિપ્સ આપી છે, જે હાલના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શક બની શકે છે.

ગયા વર્ષે ધોરણ 10 અને 12માં ઉત્તમ પરિણામ મેળવનાર વિદ્યાર્થીઓએ એકમતથી જણાવ્યું કે આખું વર્ષ નિયમિત રીતે અભ્યાસ કરેલો હોય તો અંતિમ દિવસોમાં વધારે તણાવ લેવાની જરૂર નથી. છેલ્લાં દિવસો રિવિઝન અને પ્રેક્ટિસ માટે હોય છે, નવી બાબતો શીખવા માટે નહીં. ટોપર્સે વાલીઓને પણ સંદેશ આપ્યો કે અંતિમ દિવસોમાં બાળકો પર અનાવશ્યક દબાણ ન મૂકવું.

તેમને શાંત અને સકારાત્મક વાતાવરણ આપવાથી વિદ્યાર્થીઓ વધુ આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપી શકે છે. બોર્ડ પરીક્ષાના અંતિમ દિવસોમાં સફળતા માટે મુખ્ય મંત્ર છે શાંત મન, નિયમિત રિવિઝન, એનસીઆરટી પર ભાર, પેપર પ્રેક્ટિસ અને પૂરતી ઊંઘ. ગયા વર્ષના ટોપર્સના અનુભવ પરથી સ્પષ્ટ થાય છે કે સમજદારીપૂર્વકની તૈયારી અને આત્મવિશ્વાસ જ ઉત્તમ પરિણામની ચાવી છે.

ધોરણ 10ના ટોપર ધ્રુવ વઘાસિયાની સલાહ

ધોરણ 10માં 98.67 પર્સન્ટાઈલ મેળવી આશાદીપ વિદ્યાલયના ટોપર બનેલા ધ્રુવ ભાવેશભાઈ વઘાસિયા હાલ જીઈઈની તૈયારી કરી રહ્યા છે. ધ્રુવે જણાવ્યું કે, "બોર્ડ પરીક્ષાના છેલ્લાં દિવસોમાં માત્ર પેપર લખવાની પ્રેક્ટિસ કરવી જોઈએ. બે દિવસમાં એક વિષયનું રિવિઝન પૂર્ણ કરવું સૌથી યોગ્ય છે. આખું વર્ષ વાંચ્યું હોય તો ટેન્શન લેવાની જરૂર નથી. અંતિમ દિવસોમાં વધારે ચિંતા કરવાથી વાંચેલું પણ ભૂલાઈ જાય છે. પરીક્ષાને ખૂબ મોટી બાબત સમજીને નહીં, પરંતુ સામાન્ય રીતે આત્મવિશ્વાસ સાથે આપવી જોઈએ."

એનસીઆરટી પર સૌથી વધુ ભારઃ રાઘવ ખેડિયા

ધોરણ 10માં 98.2 પર્સન્ટાઈલ લાવનાર એસ.ડી. જૈન શાળાના વિદ્યાર્થી રાઘવ વિકાસ ખેડીયાએ જણાવ્યું કે, "પરીક્ષાના છેલ્લાં 15 દિવસ શાંત મનથી અભ્યાસ કરવો જોઈએ. એનસીઆરટીના પાઠ્યપુસ્તકો પર સૌથી વધુ ફોકસ રાખવો જરૂરી છે. કોઈપણ પ્રકારનું ટ્રેસ કે અનાવશ્યક માર્ગદર્શન લેવાનું ટાળવું. સાયન્સ અને એસએસ જેવા વિષયોમાં પોઈન્ટર બનાવી રાખવા અને અંતિમ સમયે માત્ર તેને જ રિવિઝન કરવું ખૂબ ઉપયોગી સાબિત થાય છે."

ધોરણ 12 કોમર્સના ટોપર હર્ષ ટીબ્રાની સ્ટ્રેટેજી

ધોરણ 12 કોમર્સમાં 97.8 પર્સન્ટેજ મેળવનાર એસ.ડી. જૈનના વિદ્યાર્થી હર્ષ અનિલ ટીબ્રાએ કહ્યું કે, "પરીક્ષા પહેલાંના એક દિવસ કોઈપણ પ્રકારનું ભારે વાંચન ન કરવું. પૂરતી ઊંઘ લઈને ફ્રેશ મનથી પરીક્ષા આપવા જવું. શક્ય તેટલું એનસીઆરટી સિવાયનું વાંચન ટાળવું. થિયરી વિષયોમાં ઉપરથી એક નજર પૂરતી હોય છે, જ્યારે એકાઉન્ટ્સ અને સ્ટેટિસ્ટિક્સ જેવા વિષયોમાં ફોર્મ્યુલા એકવાર જોઈ લેવું ફાયદાકારક છે."

પ્રી બોર્ડ પરીક્ષામાં કરેલી ભૂલો પર ધ્યાન રાખવું

ભુલકા વિહારની વિદ્યાર્થીની પ્રાચી વોરાએ ગયા વર્ષે શાળામાં ટોપર આવી હતી. તેણીએ જણાવ્યું કે, હવે પરીક્ષાના છેલ્લા સમયમાં ટેન્શન ન લેવું. જે તૈયારી કરી તેની પ્રેક્ટિસ કરવી જોઈએ અને વધારે તણાવ ન લેવો. પ્રી-બોર્ડ પરીક્ષાઓમાં જે ભૂલો થઈ હોય તેની પર ખાસ ધ્યાન રાખવું.

લાખોના સોના સાથે ચોર ઝૂંપડપટ્ટીમાં રહેતો હતો

સિકંદરાબાદમાંથી 13.30 લાખની ચોરી કરનાર ધાસ્તીપુરામાંથી ઝડપાયો

સુરતઃ હૈદરાબાદના સિકંદરાબાદ વિસ્તારમાં આવેલી સોનાની દુકાનમાં થયેલી લાખો રૂપિયાની જ્વેલરી ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલા આરોપીને સુરત શહેર ક્રાઈમ બ્રાંચે ઝડપી લઈ ગુનો ડિટેક્ટ કર્યો છે. આરોપી પાસેથી મહત્ત્વની વિગતો મેળવી તેને હૈદરાબાદ પોલીસના હવાલે કરવામાં આવ્યો છે.

દરમિયાન ધાસ્તીપુરા ઝૂપડપટ્ટી, સીદી મુખ્તાર બાવાની દરગાહ નજીકથી શેખ નસીરૂલ શેખ સઈદુલ રહેમાન (ઉ.વ.૨૭) ને ઝડપી પાડ્યો હતો. આરોપી વ્યવસાયે સોના-ચાંદીના દાગીના બનાવવાની મજૂરી કરે છે અને મૂળ વતન ગામ મગુરા, તા.પાંડુઆ, જિ.હુગલી (વેસ્ટ બંગાળ)નો રહેવાસી છે.

ક્રાઈમ બ્રાંચના પીઆઈ આર.આઈ.જાડેજાએ માહિતી આપતા જણાવ્યું કે, પકડાયેલા આરોપી વિરુદ્ધ હૈદરાબાદના માર્કેટ પોલીસ સ્ટેશનમાં અગાઉ ચોરીની ફરિયાદ નોંધાઈ હતી, જેમાં કુલ ૧૬૫ ગ્રામ વજનના સોના-ચાંદીના દાગીના, અંદાજિત કિં.રૂ.૧૩,૩૦,૦૦૦ની ઘરફોડ ચોરી કરવામાં આવી હતી. ફરિયાદી શેખ મોહસીન અલી શેખ જેબસ અલી સિકંદરાબાદના ઓલ્ડ જેલ રોડ પર આવેલી દુકાન નં.૭-૨-૪૬૬ ખાતે સોના-ચાંદીના દાગીનાનો વેપાર કરે છે. તેમની દુકાનમાં અગાઉ રમઝાન નામનો ઈસમ નોકરી કરતો હતો, જેણે નોકરી દરમિયાન દુકાનની ડુપ્લિકેટ ચાવી બનાવી હતી. નોકરી છોડ્યા બાદ તેણે હાલ પકડાયેલા આરોપીને ગામથી બોલાવી દુકાનમાં મોટી માત્રામાં દાગીના હોવાની માહિતી આપી ચોરી માટે ડુપ્લિકેટ ચાવી સોંપી હતી. આરોપી તા.૨૧/૧/૨૦૨૬ના રોજ રાત્રે 11 કલાકથી તા.૨૨/૧/૨૦૨૬ ને સવારે ૧૦ કલાક દરમિયાન દુકાનમાંથી જુદી જુદી ડિઝાઈનના સોનાના દાગીના ચોરી કરી, ટિપ તરીકે સહ આરોપી રમઝાનને રૂ.૫૦,૦૦૦ ચૂકવી નાસી ગયો હતો.

પકડાયેલો આરોપી અગાઉ પણ પાંડુઆ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઘરફોડ અને મોબાઈલ ચોરીના અનેક ગુનાઓમાં સંડોવાયેલો હોવાનું સામે આવ્યું છે. આરોપીની ધરપકડની જાણ થતાં હૈદરાબાદ માર્કેટ પોલીસ સ્ટેશનના અધિકારીઓએ સુરત આવી આરોપીનો કબજો મેળવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

લિંબાયત ઝોનની નવ સોસાયટીની રિઝર્વેશન હટાવવા રજૂઆત

મુખ્યમંત્રી સમક્ષ પણ સ્થાનિક કોર્પોરેટરોએ આ મુદ્દે રૂબરૂ રજૂઆત કરી હતી

સુરતઃ કતારગામ બાદ લિંબાયત અને ડિંડોલી વિસ્તારમાં વસતા હજારો શ્રમિક પરિવારો પોતાના હક્કની સુવિધાઓ માટે ન્યાયની માંગ કરી રહ્યા છે. ડિંડોલી-ભેદવાડ અને ભેસ્તાન વિસ્તારની આશરે નવ જેટલી સોસાયટીઓ, જેમાં બાલાજી નગર, ન્યુ બાલાજી નગર, સોમનાથ નગર, શિવદર્શન નગર, ગાયત્રી નગર A1, શિવ કૃપા નગર, શિવ નગર-1 અને 2 તેમજ શિવાજી નગરના અસરગ્રસ્તોએ મેયરને મળી રજૂઆત કરી હતી. છેલ્લા ત્રણ દાયકાથી આ વિસ્તારોમાં 2000થી વધુ પરિવારો વસવાટ કરે છે, જેઓ નિયમિતપણે મનપામાં ટેક્સ અને વીજ બિલ ભરે છે, તેમ છતાં આજે પણ તેઓ પીવાનું શુદ્ધ પાણી, પાકા રસ્તા, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટ જેવી પાયાની જરૂરિયાતો માટે વલખાં મારી રહ્યા છે.

મનપા દ્વારા રહેણાંક વિસ્તારો પર લાદવામાં આવેલા રિઝર્વેશન સામે તેમનો વિરોધ છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, વર્ષ 2006 પહેલાં જ્યારે આ વિસ્તારો ગ્રામ પંચાયત હેઠળ હતા, ત્યારે કાયદેસરના કરારનામા અને કબજા રસીદના આધારે પ્લોટ ખરીદીને મકાનો બાંધવામાં આવ્યા હતા. નિયમ મુજબ મનપાએ ખાલી જમીન પર જાહેર હેતુ માટે રિઝર્વેશન મૂકવાનું હોય છે, પરંતુ અહીં વસેલી વસાહતો પર રિઝર્વેશન મૂકી દેવાતા ગરીબ અને મધ્યમ વર્ગના લોકો મુશ્કેલીમાં મુકાયા છે. જો હાલની ટી.પી. સ્કીમ મુજબ 50 ટકા કપાત કરવામાં આવે, તો અનેક પરિવારો વર્ષોની મહેનતથી બનાવેલા આશિયાના ગુમાવી બેઘર થઈ જાય તેવી ભીતિ સેવાઈ રહી છે. નિયમો મુજબ જે જગ્યા પર રિઝર્વેશન હોય ત્યાં પ્રાથમિક સુવિધાઓ આપી શકાતી નથી. આ જ કારણોસર લિંબાયત, કતારગામ અને વરાછા જેવા વિસ્તારોમાં 1980 થી 2000 વચ્ચે બનેલી અનેક કબજારસીદવાળી સોસાયટીઓ આજે નર્ક સમાન સ્થિતિમાં જીવવા મજબૂર છે. અગાઉ શહેરની મુલાકાતે આવેલા મુખ્યમંત્રી સમક્ષ પણ સ્થાનિક કોર્પોરેટરોએ આ મુદ્દે રૂબરૂ રજૂઆત કરી હતી, પરંતુ મહિનાઓ વીતી જવા છતાં સરકાર તરફથી હજુ સુધી કોઈ હકારાત્મક નિર્ણય લેવાયો નથી.

સંક્ષિપ્ત સમાચાર

નવાપુરા લીમડીશેરીમાં મહશિવરાત્રિએ ભજન સંધ્યા યોજાશે

મંગળવાર : આગામી તારીખ 15 ફેબ્રુઆરીના રોજ મહાશિવરાત્રિનો તહેવાર છે. આ દિવસે નવાપુરા લીમડીશેરીમાં રાત્રે આઠ વાગ્યે ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે. રાત્રે આઠ વાગ્યાથી શરુ થનારા આ કાર્યક્રમમાં ભક્તો માટે ઠંડાઇની વ્યવસ્થા કરવામાં આવી છે.

બીસીજી ચૂંટણીમાં એકતાના સૂર સાથે ઉમેદવારોનો અભિવાદન સમારોહ યોજાયો

સુરતઃ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની આગામી ચુટણી માટે સુરતનાં વકીલોએ એકતાના સુર સાથે બદ્રિનારાયણ મંદિર, અડાજણ અભિવાદન અને સંબોધન સમારોહ યોજાયું હતું. આપણે સૌ સાથે છીએ, સામે નહી સ્લોગનથી સુરત ડિસ્ટ્રીક્ટ બારના વકીલોઓને વધુમાં વધુ વોટીંગ માટે આહવાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સુરત જિલ્લાના સરકારી વકીલ નયનભાઈ સુખડવાલા, સિનીયર વકીલો કલ્પેશભાઈ દેસાઈ, રાજેશભાઈ ઠાકરીયા, મનીષભાઈ દેસાઈ, કેતનભાઈ રેશમવાલા, વિનયભાઈ શુકલા, નોટરી એસો.ના પ્રમુખ શાંતિલાલ પટેલ, લેબર કોર્ટના સિનીયર વકીલ જયેશભાઈ બરવાળિયા, વિષ્ણુભાઈ રાણા, તેમજ ફેની પટેલ તથા દિવ્યા કોસંબીયા સહિત બી.સી.જી.ની ચુંટણીના ઉમેદવારો પ્રીતિ જે. જોષી, ભાવેશ રબારી, બળવંત સુરતી, ઝકી શેખ હાજર રહ્યાં હતાં. એડવોકેટ પ્રિતિ જોષીએ સુરતનાં ઉમેદવારોને સંગઠીત કરવા, વકીલ મંડળનું પ્રતિનિધિત્વ બી.સી.જી માં સ્થપાય તે માટેના ઉમદા કાર્યને વેગ આપવા આહવાન કર્યુ હતું. સિનીયર વકીલ કલ્પેશભાઈ દેસાઈએ ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, આપણે સંગઠિત થશું તો સુરતનું પ્રતિનિધિત્વ આપણે બી.સી.જી.માં સારી રીતે પહોંચાડી શકીશું. એડવોકેટ ડી.જી.પી. નયનભાઈ સુખડવાલા દ્વારા આજના કાર્યક્રમ બદલ ટીમ પ્રીતિ જોષીને તથા ઉમેદવારોને શુભકામના પાઠવવામાં આવી હતી.

સુરતી મોઢ ઘાંચી સમાજની હેરી ગાંધી B.Edમાં ગોલ્ડ મેડલ સાથે Ph.D. થયા

સુરતઃ વેસુ સ્થિત ભગવાન મહાવીર યુનિવર્સિટી ખાતે યોજાયેલા પાંચમા દીક્ષાંત સમારોહમાં બેગમપુરા ચેવલી શેરીના ગાંધી પરિવારની પુત્રવધુ હેરી યશ ગાંધીએ B.Edની પરીક્ષામાં સમગ્ર યુનિવર્સિટી પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ જીત્યો હતો, સાથે જ પીએચ.ડી.ની ડિગ્રી પણ મેળવી હતી. હેરી ગાંધીની આ સિદ્ધિ બદલ ભગવાન મહાવીર એજ્યુકેશન ફાઉન્ડેશનના ડો. સંજય જૈન, મેનેજિંગ ટ્રસ્ટી અનિલ જૈન તેમજ B.Ed અને M.Edના પ્રિન્સિપલ ડો. દિલીપ પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

અઠવા પંચ યુવક મંડળ દ્વારા એપીએલ-6 ક્રિકેટ ટુર્નામેન્ટ યોજવામાં આવી

સુરતઃ સુરતના રઘુવીર ગ્રાઉન્ડ ખાતે અઠવા પંચ યુવક મંડળ દ્વારા 25-26 જાન્યુઆરી અને 1 ફેબ્રુઆરીના રોજ એપીએલ-6 ટેનિસ તથા સ્વિંગ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન સમારોહમાં સુરતી મોઢ વણિક સમસ્ત પંચ, અઠવા પંચ, મહિલા મંડળ, સિનિયર સિટિઝન મંડળ તેમજ વિવિધ સામાજિક સંસ્થાઓના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં. આ ટુર્નામેન્ટમાં 12 ટીમો બનાવવામાં આવી હતી. હરાજી પદ્ધતિ દ્વારા સમાજના 210 ખેલાડીઓમાંથી પસંદગી કરી દરેક ટીમમાં 13 ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. દરેક મેચની પાંચમી ઓવર સ્વિંગ બોલથી રમવાની શરત ટુર્નામેન્ટનું વિશેષ આકર્ષણ રહી હતી. કુલ 18 લીગ મેચ રમાઈ હતી. અંતિમ મેચમાં સાંઈ સ્પોર્ટ્સ અને ફિયરલેસ ફાઈટર પૈકી સાંઈ સ્પોર્ટ્સનો વિજય થયો હતો.

સુરતની બીજલ જોશીનું બદલ ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સમાં નામ નોંધાયું

સુરતઃ અડગ આત્મવિશ્વાસ, કડક શિસ્ત અને સતત પરિશ્રમના બળે બીજલ જોશીએ ૭૫ કિલોગ્રામ વજન ધારણ કરી ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સમાં પોતાનું નામ નોંધાવી એક નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. તેમની આ સિદ્ધિને સત્તાવાર માન્યતા મળતાં હવે તેઓ ગૌરવપૂર્વક ઈન્ડિયા બુક રેકોર્ડ હોલ્ડર બન્યાં છે.

હું જ સાચો છું તેવું મિથ્યાભિમાન ક્યારેય રાખવું નહીંઃ જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી

સુરતઃ મરોલી બજાર સ્થિત શ્રી સુમતિનાથ જિનાલયના આરાધના ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજની પાવન પધરામણી થતાં જૈન સંઘ દ્વારા બેન્ડવાજા સાથે સામૈયું કરવામાં આવ્યું હતું. ઘરે-ઘરે નૂતન આચાર્યની પધરામણી બદલ અક્ષતની ગહુંલીઓ કરવામાં આવી હતી. પ્રવેશ બાદ પ્રવચન પ્રસાદી પાઠવતાં આચાર્યપ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, જીવનમાં કોઈપણ ક્ષેત્રે ક્યાંક ડેમેજ થાય તો તેને મેનેજ કરતાં શીખો. આવા સમયે મનને શાંત રાખો. કોઈપણ નિર્ણયો ઉતાવળથી ન લો. થોડોક સમય પાસ થવા દો. તોડવાનું કામ ક્યારે પણ કરતાં નહીં, જોડવાનું કામ કરો. તાકાત આગ કરતાં પણ પાણીની વધુ છે. 'હું જ સાચો છું' એવું મિથ્યાભિમાન ક્યારે પણ રાખતા નહીં. સામેવાળી વ્યક્તિ પણ સાચી હોઈ શકે છે.

હીરાબાગમાં રોંગ સાઈડ આવતી 48 લક્ઝરી બસને દંડ

વરાછા-કતારગામ માર્ગે વહેલી સવારથી ચેકિંગ ડ્રાઈવ

સુરતઃ સુરતના વરાછા વિસ્તારમાં ટ્રાફિક શિસ્ત ભંગ કરનારા વાહનચાલકો સામે સુરત ટ્રાફિક પોલીસ એક્શન મોડમાં આવી છે. હીરાબાગ સર્કલ જેવા અતિ વ્યસ્ત માર્ગ પર રોંગ સાઈડમાં દોડતી લક્ઝરી બસોના કારણે સર્જાતી અવ્યવસ્થાને અટકાવવા માટે મંગળવારે વહેલી સવારે ખાસ ડ્રાઈવ યોજાઈ હતી, જેમાં અઢી કલાકમાં 48 બસ સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી.

સુરતમાં અનેક ખાનગી અને લક્ઝરી બસોના ચાલકો પેસેન્જરને વહેલા ઉતારવાના કે થોડો રસ્તો બચાવવાના ઈરાદે ટ્રાફિક નિયમોને અવગણીને રોંગ સાઈડમાં બસ દોડાવતા હોવાનું અવારનવાર જોવા મળે છે. ખાસ કરીને હીરાબાગ સર્કલ, જે વરાછાનું મુખ્ય ટ્રાફિક હબ ગણાય છે, ત્યાં આવી હરકતો અન્ય વાહનચાલકો માટે મોટો ખતરો બની રહી છે. આ સમસ્યાને ગંભીરતાથી લઈ સુરત ટ્રાફિક પોલીસના R1 વિભાગ દ્વારા મંગળવારે સવારે 5 વાગ્યાથી 7.30 વાગ્યા સુધી વાહન ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. ચેકિંગ દરમિયાન રોંગ સાઈડમાં પ્રવેશ કરતી લક્ઝરી બસો, ખાનગી વાહનો તેમજ ટુ-વ્હીલર ચાલકોને અટકાવી સ્થળ પર જ ઓનલાઈન દંડ ફટકારવામાં આવ્યો હતો.

સુરત ભાજપના સંગઠનની જાહેરાતને લઈ અટકળો

ગમે ત્યારે ટીમ જાહેર થવાની શક્યતા

સુરતઃ સુરત શહેર ભાજપના સંગઠન માળખાને લઈને છેલ્લા ઘણા સમયથી રાજકીય ગલિયારાઓમાં ભારે ચર્ચાઓ ચાલી રહી છે. શહેર પ્રમુખ તરીકે પરેશ પટેલની નિમણૂક થયાને આજે 10 મહિના કરતાં પણ વધુ સમય વીતી ગયો હોવા છતાં, હજુ સુધી તેમના સંગઠનની નવી ટીમની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. આ વિલંબ વચ્ચે ભાજપની પ્રદેશ નેતાગીરીએ આજે રાજ્યનાં અનેક શહેરો અને જિલ્લાઓના માળખા જાહેર કરી દીધા છે, જેમાં દક્ષિણ ગુજરાતના તાપી અને નવસારી જિલ્લાનાં સંગઠનોનો પણ સમાવેશ થાય છે. નવસારીના સંગઠનની જાહેરાત મોડે મોડે પણ કરી દેવામાં આવતાં હવે એવી પ્રબળ અટકળો વહેતી થઈ છે કે આગામી એકાદ-બે દિવસમાં જ સુરત શહેર ભાજપનું નવું માળખું જાહેર થઈ શકે છે.

પરેશ પટેલની નિમણૂક જે-તે સમયે તત્કાલીન પ્રદેશ પ્રમુખના કાર્યકાળમાં થઈ હતી, પરંતુ ત્યારબાદ પ્રદેશ નેતૃત્વમાં ફેરફાર થયો અને નવા પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ પદભાર સંભાળતાની સાથે જ રાજ્યના મોટા ભાગનાં મહાનગરોમાં નિમણૂકોનો દોર પૂર્ણ કર્યો છે. આમ છતાં, સુરતના માળખામાં થઈ રહેલા વિલંબ પાછળ અનેક કારણો હોવાની ચર્ચા છે. રાજકીય વર્તુળોમાં એવી ચર્ચાઓ ચાલી રહી છે કે પક્ષનાં વિવિધ જૂથો વચ્ચે અને પદાધિકારીઓનાં નામો પર આંતરિક સહમતિ સાધવામાં મુશ્કેલી પડી રહી છે. આ ઉપરાંત પક્ષ દ્વારા આ વખતે 'નો-રિપીટેશન'ની નીતિ અપનાવવામાં આવે તેવી પણ શક્યતા છે, જેમાં જૂના પદાધિકારીઓને સ્થાને નવા ચહેરાઓને તક મળી શકે છે. જો કે, પક્ષની મજબૂતી માટે સિનિયર અને જુનિયર કાર્યકરો વચ્ચે યોગ્ય બેલેન્સ જાળવવામાં આવે તેવી પણ પૂરી સંભાવના છે.

હાલમાં જ જાહેર થયેલી કારોબારીના સભ્યોમાંથી સંગઠનમાં કોને સ્થાન મળશે અને કોનાં પત્તાં કપાશે તેને લઈને પક્ષના કાર્યકરોમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. ખાસ કરીને જ્યારે અન્ય મહાનગરોની ટીમો જાહેર થઈ ગઈ છે, ત્યારે સુરતમાં હવે સસ્પેન્સનો અંત આવવાની ઘડીઓ ગણાઈ રહી છે.

હરિધામ સોસાયટીમાં જનરલ સ્ટોરમાં જ ગાંજાનું વેચાણ

સુરત : શહેરમાં ગાંજો પકડવાની મુહિમ મંગળવારે પણ બરકરાર રહી હતી. અશ્વિનીકુમાર પોલીસને મળેલી બાતમીના આધારે રામનગર ત્રણ રસ્તા પાસે વિષ્ણુ નગર સોસાયટી વિભાગ-૨ ની શેરી નં. ૦૧ ખાતે રેડ કરવામાં આવી હતી. અહીંથી ઉત્પલ ઉર્ફે બંગાળી ઉપેન્દ્ર રોય (ઉ.વ. ૪૫)ને ઝડપી લેવામાં આવ્યો હતો. તેના કબજામાંથી પીવા માટે રાખેલો પ્રતિબંધિત ગાંજો વજન ૦.૧૨૦ કિલોગ્રામ, કિંમત રૂ. ૬,૦૦૦/-, તેમજ રોકડા રૂ. ૫૦૦/- મળી કુલ રૂ. ૬,૫૦૦/-ની મત્તા જપ્ત કરવામાં આવી હતી. ગઈ કાલે વરાછા પોલીસે કરિયાણાની દુકાનમાં ખુલ્લેઆમ વેચાતા ગાંજાનો પર્દાફાશ કર્યો હતો. અને એક આરોપીને પકડો હતો.

કતારગામમાં ટીપી રિઝર્વેશનનો વિવાદ

ચૂંટણી પૂર્વે સરકાર મોટી જાહેરાત કરે તેવી સંભાવના

હાલમાં જ પદાધિકારીઓએ મુખ્યમંત્રી સમક્ષ અસરગ્રસ્તોને ન્યાય અપાવવા માંગ કરી હતી

સુરતઃ સુરતના કતારગામ વિસ્તારની ત્રણ મહત્ત્વની ટીપી સ્કીમોમાં રહેણાંક મિલકતો પર મુકવામાં આવેલા રિઝર્વેશનના મુદ્દે સ્થાનિક રહીશોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. પોતાની વર્ષોની મૂડીથી બનાવેલા મકાનો પર કપાતની તલવાર લટકતી જોઈ રહીશો હવે આરપારના જંગના મૂડમાં છે. જેથી મેયર અને ચેરમેન મુખ્યમંત્રીને મળી આવ્યા હોય હવે આ મુદ્દે સરકાર જનતાના હિતમાં જલ્દી જ જાહેરાત કરે તેવી શક્યતા છે. સરકાર સમક્ષ વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર ઉકેલ ન આવતા, ગત મંગળવારે કતારગામની 70થી વધુ સોસાયટીઓના રહીશોએ એકઠા થઈને શક્તિ પ્રદર્શન કર્યું હતું. કતારગામ દરવાજાથી પ્લેકાર્ડ સાથે નીકળેલી આ વિશાળ રેલીમાં મોટી સંખ્યામાં મહિલાઓ પણ જોડાઈ હતી, જેઓએ મુગલસરાઈ સ્થિત મનપા કચેરીએ મોરચો લઈ જઈ સરકાર અને મનપા વિરોધી ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા. આ ગંભીર સ્થિતિને જોતા અને આગામી મનપાની ચૂંટણીઓને ધ્યાને રાખીને, મેયર દક્ષેશ માવાણી અને સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજન પટેલે પણ તાત્કાલિક મુખ્યમંત્રી સમક્ષ આ મામલે રજૂઆત કરી અસરગ્રસ્તોને ન્યાય અપાવવા માંગ કરી હતી. સરકાર મતદારોની નારાજગી ટાળવા માટે આગામી દિવસોમાં આ ત્રણેય ટીપી સ્કીમમાંથી રિઝર્વેશન હટાવવા અથવા તેમાં મોટી રાહત આપવા અંગે કોઈ લોકહિતલક્ષી જાહેરાત કરી શકે છે.

આજે સેફ્ર ઈન્ટરનેટ ડે, ઓટીપી કે લિન્ક પર ક્લિક કર્યા વગર જ એકાઉન્ટ ખાલી થઈ જશે

ઈન્ટરવ્યુ માટે યુવકને કોલ આવ્યો અને આખું એકાઉન્ટ ખાલી થઈ ગયું

કોલ મર્જ કરાવાના બહાને હેકર્સ લોકોના એકાઉન્ટ ખાલી કરી રહ્યાં છે

સુરતઃ ઓટીપી કે લિન્ક પર ક્લીક કરી એકાઉન્ટ ખાલી થતા હોવાનું સાંભળ્યું હશે પરંતુ હવે હેકર્સ એક પગલું આગળ વધી કોલ કોન્ફરન્સના બહાને એકાઉન્ટ ખાલી કરી રહ્યાં છે. તાજેતરમાં જ સુરતમાં આવા અનેક કિસ્સા બન્યા છે. તેથી કોઈ પણ અજાણ્યા કોલને મર્જ કરતા પહેલાં સાવચેતી રાખવાની નિષ્ણાતો સલાહ આપે છે.

તાજેતરમાં સુરતના એક યુવકને જોબ ઈન્ટરવ્યુ માટે કોલ આવ્યો હતો. ઈન્ટરવ્યૂ લેનારે યુવકને કહ્યું કે તમારો ઈન્ટરવ્યુ અમારા ઉચ્ચ અધિકારીઓ લેશે તે માટે તમારે અમારો કોલ કોન્ફરન્સમાં લેવો પડશે. તમારે કોલ મર્જ કરવો પડશે. યુવકે જેવો કોલ મર્જ કર્યો કે તેનું એકાઉન્ટ કોમ્પ્રમાઈઝ થયું અને સેકન્ડોમાં ખાલી થઈ ગયું. સાયબર કાયદાના એક્સપર્ટ સુરતના ડો. સ્નેહલ વકીલના કહે છે કે હેકર્સ દિનપ્રતિદિન નવી ટેક્નિક અપનાવી લોકોને લૂંટી રહ્યાં છે. તાજેતરમાં ફ્રોડની નવી રીત હેકર્સે અપનાવી છે. જોબ ઈન્ટરવ્યૂના બહાને કોલ કરી તે કોલ મર્જ કરવાનું કહે છે. આ દરમિયાન કોલ કરનાર એક ઓટીપી કોલ જનરેટ કરે છે. તમે કશું જ ન કરો માત્ર કોલ સાંભળતા હોવ તે દરમિયાન જ એક કોલ ઓટીપી જનરેટ થાય છે અને તમે જેવો કોલ મર્જ કરો એટલે એકાઉન્ટ કોમ્પ્રમાઈઝ થઈ જાય છે અને જેવો તમે કોલ મર્જ કરો તે કોલ ઓટીપી હેકર્સને સંભળાય અને તે તમારું એકાઉન્ટ ખાલી કરી દે છે.

અજાણ્યા કોલ કોન્ફરન્સ માટે મર્જ ન કરો

ડો. સ્નેહલ વકીલના કહે છે કોઈ પણ અજાણ્યા કોલને કોન્ફરન્સ માટે મર્જ કરશો નહીં. કારણ કે ઈન્ટરવ્યુ કે અન્ય કારણો માટેના કોલ કોન્ફરન્સમાં લેવાની જવાબદારી ઈન્ટરવ્યૂ લેનારની હોય છે ઈન્ટરવ્યૂ આપનારની નહીં. એવો જ આગ્રહ રાખવો કે ઈન્ટરવ્યૂ લેનાર કોલ મર્જ કરે. મર્જ કોલ ફ્રોડ હવે સામાન્ય થવા લાગ્યા છે, તેનાથી બચવા સાવચેત રહેવું.

અંદાજે 72,000 નાગરિકોએ સાયબર ફ્રોડ કોલમાં 678 કરોડ ગુમાવ્યા

ગુજરાત સીઆઈડી સાયબર સેલના જાન્યુઆરીથી સપ્ટેમ્બર 2025 દરમિયાનના અધિકૃત આંકડા અનુસાર 1,42,000થી વધુ સાયબર ફ્રોડ કોલની ફરિયાદો મળી છે, જેમાં 72,000 પીડિતોએ અંદાજે 678 કરોડથી વધુની રકમ ગુમાવી છે. સુરતમાં રોજના સરેરાશ 20થી 30 સાયબર ફ્રોડની ફરિયાદો મળે છે.